ધાનેરા પોલીસે ૮૧,૦૦૦નો દારૂ ઝડપ્યો

(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

નેનાવા ચેક પોસ્ટ પરથી બાતમીના આધારે પોલીસે દારૂ ઝડપ્યો : ચાલક વિરૂધ્ધ પ્રોહીબીશનનો ગુન્હો નોંધાયો

ધાનેરા, તા.૨૪

લોકસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ રાજયમાં દારૂની માંગ વધી રહી હોય તેવું લાગી રહ્યું છે ત્યારે આજ રોજ બપોરના સમયે ધાનેરા પોલીસે બાતમીના આધારે ૮૧,૦૦૦નો વિદેશી દારૂ ઝડપી પાડયો છે.

મળતી માહિતી મુજબ ધાનેરા પોલીસને બાતમી મળી હતી કે નેનાવા ચેકપોસ્ટ પરથી દારૂ ભરેલી છોટા હાથી નિકળશે ત્યારે ધાનેરા પોલીસ દ્વારા નેનાવા ચેક પોસ્ટ પર ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આજ રોજ બપોરે ૧-૦૦ વાગે સાચોટ તરફથી આવી રહેલ છોટા હાથી નંબર આર.જે. ૦૪-જી.એ. ૫૨૦૭ને ઉભી રાખી તપાસ કરતા છોટા હાથીના પાછળના ભાગમાં વ્હિસ્કીની ૧૫, મેકડોલની ૨૪ નંગ અન મોગલ મોનાર્કની ૩૬ બોટલ સહિત ૮૧,૦૦૦નો વિદેશી દારૂ ઝડપી છોટા હાથી ચાલક અશોક આપદાનરામ માળી અને નવલરામ પ્રેમારામ માળી બંને રહેવાસી આંબાબાડી રાજસ્થાનની ધરપકડ કરી બંને સામે પ્રોહીબીશનનો ગુન્હો નોંધવામાં આવ્યો છે.

ભિલોડા-શામળાજી ધોરીમાર્ગ ઉપર બે બાઈકો સામ-સામે ટકરાયા

પ્રતિનિધિ ધ્વારા

ભિલોડા,તા.૨૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા-શામળાજી ધોરીમાર્ગ ઉપર આવેલ જેસીંગપુર ગામ તરફ જવાના રસ્તા ઉપર તા.૨૨/૨/૧૪ ના રોજ ૮:૦૦ વાગ્યાના સુમારે કાવજીભાઈ શકરાજી બોડાત રહેવાસી.હાથીયા,તા.ભિલોડા ટી.વી.એસ.સુઝુકીના ચાલકે ગફલતભરી રીતે બાઈક હંકારતાં હિરો હોન્ડા સી.ડી.ડીલક્ષ બાઈક નંબર.જી.જે.૦૯.૯૦૧૬ ના ચાલકને ધડાકાભેર ટક્કર મારતાં તેમને જમણા પગે ગંભીર ઈજાઓ થયેલ હોવાના કારણે હિંમતનગર પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.અકસ્માત બનાવ સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે બાઈક ચાલક વિરૂધ્ધ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી પોલીસ ધ્વારા હાથ ધરેલ છે.

બામણા-પુનાસણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં મફત આંખ નિદાન કેમ્પ યોજાયો

હરેશ ત્રિવેદી, ભિલોડા

પ્રતિનિધિ ધ્વારા ભિલોડા,તા.૨૪

બામણા-પુનાસણ આર્ટ્સએન્ડ કોમર્સ કોલેજમાં એન.એસ.એસ.યુનિટ,સદ્‌વિચાર પરીવાર,હિંમતનગરના સંયુક્ત ઉપક્રમે મફત આંખ નિદાન કેમ્પ તાજેતરમાં યોજાયો.મફત આંખ નિદાન કેમ્પમાં ડૉ.રાકેશ પરમારએ સેવા આપી હતી.દર્દીઓએ કેમ્પની સેવાનો લાભ હોશેં-હોશેં લીધો હતો.અમુક દર્દીઓને નંબરના ચશ્મા રાહત દરે આપવામાં આવ્યા હતા.અમુક મોતિયાના દર્દીઓને રાહત દરે ઓપરેશન કરી દવાઓ આપવામાં આવશે તેમ જણાવ્યું હતું.બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ,મુંબઈ-બામણા-પુનાસણ, ઉપપ્રમુખ દુર્ગાશંકર જોષી,મહેન્દ્રભાઈ ભટ્ટ,સદ્‌વિચાર પરીવાર,હિંમતનગરના હોદ્દેદારો તેમજ બામણા-પુનાસણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ અને સ્ટાફ પરીવારે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

અનવરપુરામાં ખેતરમાંથી પસાર થતા વીજ વાયરોના મિલનથી આગ ભભૂકી

પ્રાંતિજ, તા. ૨૪

પ્રાંતિજ પાસેના અનવરપુરા ગામમાં ખેતરમાં કાપણી કરેલા ઘઉંમાં અચાનક આગ લાગતા ખેડૂતના હાથમાં આવેલ કોળિયો ઝુટવાઈ જવા પામ્યો છે.

પ્રાંતિજ તાલુકાના અનવરપુરા ગામમાં રહેતા ભગાભાઈ પટેલના ખેતરમાં ઘઉંનું વાવેતર કરવામાં આવ્યું હતું. જેમાં ઘઉંનો પાક તૈયાર થઈ જતા કાપણી કરવામાં આવી. ખેતરમાં એક બાજુ ઢગલો કરવામાં આવ્યો હતો. જેમાંથી થોડાક ભાગમાં પાક કાપેલો પડી રહ્યો હતો.

ખેતરમાંથી વીજ લાઈન પસાર થાય છે. લાઈનના અચાનક કોઈ કારણસર બન્ને વાયરોનું મિલન થઈ જતા વિજળીના તણખા પડતા કાપેલા પાકમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. ખેડૂતને આગની જાણ થતા બૂમાબૂમ કરી મુકી હતી.

જેથી આજુબાજુના ખેતરોમાં કામ કરતા ખેડૂતો દોડી આવી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં કરી લીધી હતી. ખેડૂતોના સહયોગથી ખેડતને મોટી નુકશાની થતા બચી જવા પામી છે.

મોડાસા તાલુકા કોંગ્રેસ સમિતિનું સંમેલન યોજાશે : શંકરસિંહ ઉપસ્થિત રહેશે

મુલોજ, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે મોડાસા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા કોંગ્રેસ કાર્યકર સંમેલન આગામી તા. ૨૬ માર્ચના રોજ યોજવામાં આવશે.

કોંગ્રેસ સમિતિ દ્વારા લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ દ્વારા સાબરકાંઠા મત વિસ્તારમાં શંકરસિંહ વાઘેલા બાપુને વિજયી બનાવવા માટે કાર્યકરોને હાકલ કરવામાં આવશે તેમજ ચૂંટણીમાં બાપુને વિજયી બનાવવાની રણનીતિ નક્કી કરવામાં આવશે.

આ પ્રસંગે કોંગ્રેસ અગ્રણીઓ શંકરસિંહ વાઘેલા બાપુ, અરવલ્લી જિલ્લા મંત્રી વનરાજસિંહ ખાંટ, ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, અશ્વિન કોટવાલ, રમણસિંહ ખાંટ, જયમલસિંહ ખાંટ સહિત કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

પ્રાંતિજમાં કહાર સમાજનો ધાર્મિક ઉત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૪

નગરમાં નાની બોક પાસે કહાર સમાજના દેવ નાથુદાદા ભગવાનનો ધાર્મિક ઉત્સવ ચૈત્ર વદ સાતમને દિવસે ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

ચૈત્રવદ સાતમને દિવસે પ્રાંતિજ અને આજુબાજુના ગામડામાં વસતા કહાર સમાજના લોકોનો ધાર્મિક ઉત્સવ વર્ષોથી મનાવવામાં આવે છે. ત્યારે આ દિવસે પ્રાંતિજ બોક વિસ્તારમાં આવેલ નાથુદાદા ભગવાનનો મહોત્સવ ઉજવાયો હતો.

વર્ષોની પરંપરા મુજબ મહોત્સવમાં સગપણ થયેલા યુવક યુવતિઓ આ દિવસે અહિંયા આવી અબીલ ગુલાલ, કંકુછાંટી દાદાના દર્શન કરે છે. આ પ્રસંગે હિંમતનગર પાલિકા પ્રમુખ શંકરભાઈ કહાર, કિશનભાઈ કહાર, ગોકુલભાઈ કહાર, રાજુભાઈ કહાર, રવિભાઈ સહિત સમાજના જ્ઞાતિબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડીસા ગાંધીચોક વિસ્તારમાં ખુલ્લેઆમ દારૂનો વેપાર

ડીસા, તા. ૨૪

ડીસા શહેરમાં આચાર સંહીતાના અમલ વચ્ચે પણ દેશી વિદેશી દારૂનું ધુમ વેચાણ થઈ રહ્યું છે. દારૂના બુટલેગરોને કોઈ આચારસંહીતા નડતી નથી અને પોલીસને કંઈ પડી નથી એટલે બુટલેગરો બેફામ બની દારૂનું વેચાણ કરી રહ્યા છે.

ડીસા શહેરમાં પોલીસની રહેમ નજર હેઠળ દેશી વિદેશી દારૂનો વેપલો ફાલ્યો ફુલ્યો છે. તેમાં શહેરના ગાંધીચોક વિસ્તારમાં એક બુટલેગર દ્વારા જાહેરમાં દારૂનું વેચાણ થઈ રહ્યું છે. જ્યાં દારૂ પીવા માટે શરાબીઓની કતારો લાગે છે. જેના કારણે આજુબાજુના લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. વહેલી સવારથી મોડી રાત સુધી જોઈએ તેટલો દારૂ મળી રહે છે. આ બુટલેગર દ્વારા દારૂની ડીલવરી કરવામાં આવે છે. આમ ધમધમતા દારૂના અડ્ડાથી આસપાસના રહીશો અસામાજીક તત્વોની દાદાગીરીથી વાઝ આવી ગયા છે. ત્યારે પોલીસ દ્વારા આ બાબતે કાર્યવાહી કરી દારૂના અડ્ડો બંધ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી રહી છે.

પોલીસકર્મીને મારી નાખવાની ધમકી આપનાર શખ્સ આઠ મહિનાથી ભૂગર્ભમાં

ઊંઝા, તા. ૨૪

મહેસાણા જિલ્લાના ત્રણ પોલીસ મથકોમાં નોંધાયેલ દારૂબંધીના ગુનાઓમાં વોન્ટેડ આરોપીની મોટરકારને ઊંઝા હાઈવે પર અટકાવનાર પોલીસ સબ ઈન્સ્પેક્ટરને મારી નાંખવાના ઈરાદે મોટરકારની ટક્કર મારી હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મોટરકાર હંકારીને ફરાર થઈ જનાર ગંભીર ગુનાનો આરોપી છેલ્લા આઠ માસથી ન પકડાતા પોલીસ તપાસ સામે લોકોમાં શંકા કુશંકા જાગી છે.

ગત ઓગષ્ટ માસમાં નોંધાયેલ પ્રોહિબિશનના ગુનામાં નાસતો ફરતો આરોપી પી.સી. મારવાડી સ્કોર્પિયો મોટરકાર નં. જીજે-૧-એચ.એસ.૩૩૫૫ હંકારીને સિદ્ધપુર તરફ જઈ રહ્યો હતો ત્યારે ઊંઝા પો.સ.ઈ. સી.એલ. દેસાઈએ તેની કારને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ આ વોન્ટેડ બુટલેગરે પોલીસનો કોઈ ડર કે ભય રાખ્યા વગર પો.સ.ઈ. સી.એલ. દેસાઈએ તેની કારને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ આ વોન્ટેડ બુટલેગરે પોલીસનો કોઈ ડર કે ભય રાખ્યા વગર પો.સ.ઈ. ને ગાડી વડે ટક્કર મારીને હાથના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી ત્યારબાદ કાર હંકારીને ભાગી છૂટ્યો હતો.

આ ઘટના અંગે ઈજાગ્રસ્ત પી.એસ.આઈ. દેસાઈની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે પી.સે. મારવાડી નામના વોન્ટેડ બુટલેગર વિરૂદ્ધ ખૂનની કોશીશ અંગેનો ગુનો નોંધી તપાસ આરંભી છે. પરંતુ મહેસાણા જિલ્લાના ત્રણ પોલીસમથકોમાં નોંધાયેલ પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા દોઢ બે વર્ષથી નાસતો ફરતો તેમજ પો.સ.ઈ.ની હત્યાની કોશીશના ગુનામાં છેલ્લા એક માસથી નાસતા ફરતા કહેવાતા વગદાર આરોપીને હજી સુધી પોલીસતંત્ર પકડી શક્યું નથી. જેથી પોલીસ તપાસ સામે લોકોમાં શંકા કુશંકાઓ જાગી છે.

પોલીસતંત્રના કુણા વલણથી લોકોમાં રોષ

દરમિયાન ઊંઝા પી.આઈ. પટેલે ફરાર આરોપીને શોધવા માટે ગુજરાતના પડોશી રાજ્ય રાજસ્થાનના બાવ ગામે તેમજ રાણીવાડા વિગેરે સ્થળોએ જઈને અગાઉ તપાસ કરી હતી. પરંતુ આ આરોપીનો કોઈ પત્તો ન મળતાં રાજસ્થાનના કરેડા પોલીસમથકે લેખિત યાદી આપી તપાસ અધિકારી પરત ફર્યા હતા. હાલ ફરાર આરોપીની ખાનગી રાહે તપાસ ચાલી રહી હોવાનું તપાસ અધિકારીએ જણાવ્યું છે.

આમ પોલીસ અધિકારીને ટક્કર મારીને ફરાર થઈ જનાર વોન્ટેડ આરોપી મારવાડી છેલ્લા એક માસથી પોલીસને હાથ લાગ્યો નથી. મહેસાણા જિલ્લાના ત્રણ પોલીસ મથકોમાં દારૂબંધીના ગુનાનો આરોપી પી.સી. મારવાડી છેલ્લા દોઢ-બે વર્ષથી નાસતો ફરે છે. ત્યારે તેના પર નોંધાયેલ હત્યાની કોશીશના વધુ એક ગુનામાં પણ કરાર આ આરોપી નજીકના સમયમાં પકડાય છે કેમ તે જોવું રહ્યું

કહે છે કે, દારૂના ધંધાર્થીઓ સાથે પોલીસની કથિત હમા રૂપી સાંઠગાંઠને કારણે રીઢા બની ગયેલ બૂટલેગરોને જાણે પોલીસનો કોઈ જ ડર કે ભય રહ્યો નથી. અને આવા તત્વો બેફામ બની જતાં પોલીસ અને સમાજ માટે પડકારરૂપ અને ખતરા સમાન બન્યા હોવાનું ચર્ચાય છે.

ઉણ ગામના તળાવમાં મંજુરી વિના ચાલતુ ખોદકામ અટકાવ્યુ

(તસવીર : જેણુભા વાઘેલા, પાટણ)

કાંકરેજ, તા. ૨૪

તાલુકાના ઉણ ગામમાં ગ્રામ પંચાયતની મંજૂરી વિના ખોદકામ કરતા કોન્ટ્રાક્ટરને ગ્રામજનોએ કામ અટકાવ્યુ હતુ.

કાંકરેજ તાલુકાના ઉણ ગામના તળાવ નં. ૨ માં કોન્ટ્રાક્ટર મુળજીભાઈ દ્વારા ખોદકામ કરવામાં આવતુ હતુ. ગ્રામજનોને આ વાતની જાણ થતા કાંકરેજ તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારી રાવલ સાહેબ અને ભરતભાઈને જાણ કરાતા સ્થળ પર દોડી આવ્યા હતા.

જયા અધિકારીઓએ મૂળજીભાઈને પુછપરછ કરતા માટી નર્મદા કેનાલના કામમાં ઉપયોગમાં લેવામાં આવે છે તેવો લુલો બચાવ કર્યો હતો. અધિકારીઓએ કોન્ટ્રાક્ટર પાસેથી મંજૂરીપત્રક માંગવામાં આવ્યું હતું. પણ આ પત્રક મળ્યુ ન હતુ. અધિકારીઓએ કોન્ટ્રાક્ટરને મંજૂરી મળે પછી ખોદકામ કરવા જણાવ્યુ હતુ.

મંજૂરી વિના કોન્ટ્રાક્ટર દ્વારા ખોદકામ કરાતા ગ્રામજનોને સરપંચ સહિતના લોકોની મિલીભગત હોય તેવી બૂ આવી રહી હોય તેવી ચર્ચા ચાલી રહી છે.

સાબરકાંઠા : ભાજપમાં આનંદ અને ઉલ્લાસની છોળો

હિંમતનગર, તા.૨૪

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સાબરકાંઠા લોકસભા બેઠક માટે ભાજપના ઉમેદવાર તરીકે દિપસિંહ રાઠોડ અને હિંમતનગર વિધાનસભાના ઉમેદવાર તરીકે રાજેન્દ્રસિંહ ચાવડાની પસંદગી થતાં ભાજપમાં આનંદ અને ઉલ્લાસની છોળો ઉડવા પામી છે. લોકસભા અને વિધાનસભાના ઉમેદવારોને આવકારવા માટે જિલ્લા ભાજપ કાર્યાલય હિંમતનગર ખાતે સોમવારે એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પૃથ્વીરાજભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ જયેન્દ્રસિંહ રાઠોડ, પુર્વ મંત્રી રણજીતસિંહ ચાવડા, પુર્વ ગૃહમંત્રી પ્રફુલભાઈ પટેલ, પુર્વ શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણ, લાલભાઈ દેસાઈ, નીલાબેન પટેલ, અર્ચનાબેન સોની, શંકરભાઈ કહાર, જીતુભાઈ દેસાઈ, કાર્યાલય મંત્રી અતુલભાઈ સોમપુરા, રાકેશ પટેલની ઉપસ્થિતિમાં સેંકડો કાર્યકરો ઉપસ્થિત રહી લોકસભાના ઉમેદવાર દિપસિંહ રાઠોડ અને વિધાનસભાના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ચાવડાને અભિનંદન પાઠવી ભવ્ય વિજયની શુભકામનાઓ પાઠવી હતી.

ઊંઝામાં ૧.૨૨ લાખનો વિદેશી દારૂ ઝડપાયો : બે ઈસમોની ધરપકડ

ઊંઝા, તા. ૨૪

ઊંઝા ખાતે વિસનગર રેલવે ફાટક પાસેથી પસાર થઈ રહેલ એક મારૂતિ સ્વીફટ કારને અટકાવી અંદર તપાસ કરતાં અંદરથી ૧.૨૨ લાખની કિંમતની પરપ્રાંતના બનાવટની દારૂની બાટલીઓ તથા મોટરકાર મળી કુલ ૩.૭૨ લાખ મુદ્દામાલ કબજે કરી આ સંદર્ભે બે ઈસમોની ધરપકડ કરી હતી.

વિગત એવી છે કે વિસનગર તરફથી એક મોટરકારમાં પરપ્રાંતની બનાવટનો દારૂનો જથ્થો આવી રહ્યો હોવાની ઊંઝા પોલીસને હકીકત મળી હતી. જેથી પોલીસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન ઊંઝા ખાતે વિસનગર રોડ પર આવેલ રેલવે ફાટક પાસે આજે વહેલી સવારે પસાર થતી એક શંકાસ્પદ મોટરકારને અટકાવી અંદર તપાસ કરતાં દારૂનો જથ્થો હોવાનું માલુમ પડયું હતું. જેથી પોલીસે સ્વીફટ મોટરકારમાંથી વિવિધ માર્કાની દારૂની ૭૭૦ બાટલીઓ તેમજ સ્વીફટ મોટરકાર નં. જીજે-૨ બીડી ૯૬૮૯ કબજે કરી મોટરકાર સાથે બે ઈસમો મયુર રમેશભાઈ પટેલ રહે. કણી, તા. પાટણ તથા નાગોરી ઈમ્તીયાઝ અબ્બાસભાઈ રહે. સિદ્ધપુરને ઝડપી લીધા હતા.

પકડાયેલ દારૂનો જથ્થો સિદ્ધપુર ખાતે ઠાકોર રામસિંહ ધુળાજીને ત્યાં જઈ રહ્યો હોવાનું બહાર આવતાં પોલીસે ઉપરોકત ત્રણેય આરોપીઓ વિરૂધ્ધ પ્રોહિબિશન એકટ અન્વયે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

લોકસભાની ચૂંટણી જાહેર થયા બાદ પણ વિદેશી દારૂની આયાત અને વેચાણ તેમજ હેરાફેરીની પ્રવૃત્તિ પર જાણે કોઈ જ રોક લાગી ન હોય તેમ હાઈવે તેમજ અન્ય ધોરીમાર્ગો પરથી દિવસ અને રાત્રિના સમયે નાના મોટા વાહનોમાં દારૂની હેરાફેરી થઈ રહ્યાનું ચર્ચાય છે. આ વિસ્તારમાં દેશી વિદેશી દારૂની બદી જે રીતે વિકસી છે તેના પ્રમાણમાં જૂજ દરોડાઓ પડે છે તેવું લોકોમાં બોલાય છે.

મેઘરજના મુડશી અને બાંઠીવાડામાં ચાડીયાનો મેળો ભરાયો

મુલોજ, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના મુડશી અને બાંઠીવાડામાં વર્ષોની પરંપરા મુજબ ભવ્ય ચાડીયાનો મેળો ભરાય છે. આ વર્ષે પણ પંચમહાલ અને રાજસ્થાનના હજારો લોકો મેળામાં ઉમટી પડ્યા હતા.

અરવલ્લીના જિલ્લામાં પરંપરા મુજબ અનેક લોક મેળા યોજાય છે. ત્યારે આ મેળામાં લોકો દ્વારા ચાડીયાનું પુતળુ ઉભુ કરવામાં આવ્યું હતુ. અને પુરૂષો ઢોલના તાલે ચાડીયાની પ્રદક્ષિણા કરી આગવી છેલીમાં ગીતો ગાઈ મેળામાં રંગત જમાવી હતી. દૂરદૂરથી લોકો પરંપરાગત પહેરવેશમાં સજ્જ થઈ અહી મેળાની મજા માણવા આવે છે.

આ પ્રસંગે મેઘરજ તાલુકા કોંગ્રેસના અગ્રણી અને બાંઠીવાડા ગ્રૂપ ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ મૂળાભાઈ ડામોર સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ મેળાનું સંચાલન મુડશી ગામના અગ્રણી ધૂળાભાઈ મોઘાભાઈ ડામોરે કર્યુહતુ.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જુ.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામમ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe TILES WORLD ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧